



# Shreeji Murtimā Amane Rākhjo

શ્રીજી મૂર્તિમાં અમને રાખજો;

Shreeji murtimā amane rākhjo,

જાણી બિરદ તવ કૃપાનાથ.... એ વર મુને આપજો.

Jānee birad tava krupānāth…e var mune āpjo.

મારે અવિચળ આશરો તાહરો;

Māre avichar āshro tāhro,

એમાં ચૂક ક્યારે નવ થાય..... એ વર.... ૧

Emā chook kyāre nav thāy…e var…(1)

કામ ક્રોધાદિ સર્વે દોષથી;

Kām krodhādi sarve doshthee,

સદા રક્ષણ કરજો હે નાથ... એ વર..... ૨

Sadā rakshan karjo he nāth…e var…(2)

ઘાટ સંકલ્પ ટાળજો ધ્યાનમાં;

Ghāt sankalpa tārjo dhyānmā,

મૂર્તિ તમારી અખંડ દેખાય...એ વર.... ૩

Murti tamāree akhand dekhāy…e var…(3)

મારાં માતપિતા સગાં આપ છો;

Mārā mātapitā sagā āp chho,

મુને મૂર્તિ જ ઘર મનાય.... એ વર..... ૪

Mune murti j ghar manāy…e var…(4)

તમારો ને તમારા કોઈ મુક્તનો;

Tamāro ne tamārā koee muktano,

ભૂલે ચૂકે દ્રોહ નવ થાય.... એ વર.... ૫

Bhoole chooke droh nav thāy…e var…(5)

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com

તમારી ને તમારા મોટા મુક્તની;

Tamāree ne tamārā motā muktanee,

ક્રિયામાં મુને સંશય ન થાય.... એ વર.... ૬

Kriyāmā mune sanshay na thāy…e var…(6)

કલ્યાણકારી દિવ્ય પ્રભુ આપ છો;

Kalyān kāree divya prabhu āp chho,

તવ ચરિત્રમાં મોહ ન થાય.... એ વર.... ૭

Tav charitramā moh na thāy…e var…(7)

દયા કરીને મુજને નિભાવજો;

Dayā kareene mujne nibhāvjo,

જાણી ગાંડો ઘેલો તવ બાળ....એ વર....૮

Jānee gāndo ghelo tav bār…e var…(8)

પાત્ર કરીને સુખડાં આપજો;

Pātra kareene sukhdā āpjo,

મુક્ત અનાદિ લે છે તે જેમ....એ વર....૯

Mukta anādi le chhe te jem…e var…(9)

તેજોમય મૂર્તિ તારી નીરખું;

Tejomay murti tāree neerkhu

રસબસ તેમાંય ઠરાય....એ વર....૧૦

Rasbas temāy tharāy…e var…(10)

સુખ મૂર્તિનું અપરંપાર છે;

Sukh murtinu aparampār chhe,

તેમાં થીજાડો હે ઘનશ્યામ....એ વર.... ૧૧

Temā theejādo he Ghanshyām…e var…(11)

અવગુણ માફ કરજો માહરા;

Avgun māf karjo māhrā,

કર જોડી કે' દાસાનુદાસ.... એ વર.... ૧૨

Kar jodee ke' Dāsānudās…e var…(12)

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com